તાપમાન
મહત્તમ : ૪૦.૦ ડીગ્રી
લઘુતમ : ૨૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૬ ટકા ● સાંજે ૨૯ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૯૯ — ૧૯ જૂન, ૨૦૧૬, રવિવાર ; જેઠ સુદ - ૧૪ — પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## રાજનની RBI ગવર્નર પદે રહેવાની અનિચ્છા

### પોતાના સ્ટાફને લખવામાં આવેલા પત્રમાં રાજને ઇચ્છા વ્યક્ત કરી : ચોથી સપ્ટેમ્બરના દિવસે અવધિ પુરી થઇ ગયા બાદ રાજન તેમની એકેડેમિક કેરિયરમાં પરત ફરવા ઇચ્છુક : રાજનના ગાળા દરમિયાન અનેક સારા કામ



નવી દિલ્હી,તા. ૧૮

આરબીઆઈના ગવર્નર તરીકે રઘુરામ રાજન બીજી અવધિમાં ચાલુ રહેશે કે કેમ તેને લઈને ચાલી રહેલા સસ્પેન્સનો હવે અંત આવી ગયો છે. હાલમાં ભારે વિવાદ થયા બાદ રઘુરામ રાજને હવે સ્પષ્ટતા કરતા કહ્યું છે કે, આરબીઆઈના ગવર્નર તરીકે બીજી અવધિમાં તેઓ ચાલુ રહેવા માટે ઈચ્છુક નથી. હાલમાં તેમના ઉપર ગંભીર પ્રકારના આક્ષેપો પણ કરવામાં આવ્યા હતા. કોર્પોરેટ જગત રાજનની તરફેણમાં હોવા છતાં રાજન હવે બીજી અવધિ માટે ચાલુ રહેવા ઈચ્છુક નથી. રિઝર્વ બેંકમાં પોતાના સ્ટાફને લખવામાં આવેલા પત્રમાં રાજને કહ્યું છે કે, ચોથી સપ્ટેમ્બરના દિવસે જ્યારે તેમની અવધિ પુરી થશે ત્યારે તેઓ તેમની એકેડેમિક કેરિયરમાં પરત ફરશે. સપ્ટેમ્બર ૨૦૧૩માં આરબીઆઈના ૨૩માં ગવર્નર તરીકે રઘુરામ રાજને જવાબદારી સંભાળી હતી. એ વખતે ચલણમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. ફુગાવો ખુબ ઉંચી સપાટીએ હતો. વિકાસની ગતિ ખુબ ધીમી હતી. ભારતને નિરાશાજનક દેશ તરીકે ગણવામાં આવી રહ્યો હતો. ગવર્નર તરીકે તેમના પ્રથમ નિવેદનમાં જ રાજને ખાસ યોજના તૈયાર કરી લીધી હતી.

● અનુસંધાન પાન-૫ પર

### રાજનની નોંધપાત્ર કામગીરી

- અન્ય ચલણ સામે રૂપિયાની સ્થિતિ મજબૂત બની અને રૂપિયો સ્થિર થઈ રહ્યો છે
- વિદેશી હુંડિયામણ ભંડોળ સારા પગલાના કારણે રેકોર્ડ ઉંચી સપાટી ઉપર પહોંચી ગયો છે
- વિદેશી ચલણ સંપત્તિમાં પણ સતત વધારો થઈ રહ્યો છે
- વિશ્વમાં ભારત સૌથી ઝડપથી ઉભરી રહેલા અર્થતંત્ર તરીકે આવી ગયું છે
- શરૂઆતી પગલાના પરિણામ સ્વરુપે નિષ્ફળ પ્રોજેક્ટોથી પેમેન્ટ રિકવર કરવા બેંકોને મંજુરી અપાઈ છે
- રિસ્ટ્રક્ચરિંગ પ્રક્રિયા અસરકારક રહી છે
- ફુગાવાને કાબૂમાં લેવા માટે નવી વ્યવસ્થા ગોઠવવામાં આવ્યો
- વ્યાજદરમાં ૧૫૦ બેઝિક પોઈન્ટનો ઘટાડો પણ કરાયો છે

## વિજય માલ્યા બુક લોંચિંગમાં નજરે પડતા હોબાળો

નવી દિલ્હી,તા. ૧૮

સરકારી બેંકો પાસેથી આશરે ૯૦૦૦ કરોડ રૂપિયાની લોન લીધા બાદ પરત નહી કરનાર અને થોડાક સમય પહેલા ભારતથી ફરાર થઈને બ્રિટન પહોંચી ગયેલા વિવાદાસ્પદ શરાબ કારોબારી વિજય માલ્યા હાલમાં લંડનમાં એક બુક લોન્ચિંગ પ્રસંગમાં નજરે પડ્યા હતા. ખાસ બાબત એ છે કે આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન અને સંબોધનકાર તરીકે લંડનમાં ભારતીય રાજદુત હતા. કાર્યક્રમમાં નજરે પડ્યા બાદ ભારતીય હાઈ કમીશનરને કાર્યક્રમ અધવચ્ચે છોડી દેવાની ફરજ પડી હતી.

## આજે રાજનાથસિંહ ગુજરાતમાં

અમદાવાદ, તા. ૧૮

કેન્દ્ર અને રાજ્ય સરકારના બે વર્ષ ઉજવણીના ભાગરૂપે યોજનાર વિકાસ પર્વના ભાગરૂપે આવતીકાલે પોરબંદરમાં ખાસ વિકાસ પર્વના કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ વિકાસ પર્વમાં કેન્દ્રિય ગૃહ પ્રધાન રાજનાથસિંહ સંબોધન કરે તેવી શક્યતા છે. આ ઉપરાંત કાર્યક્રમને કેન્દ્રિય રાજ્યપ્રધાન ઈન્દ્રજીત સિંહ રાવ અને પ્રદેશ પ્રમુખ વિજયભાઈ રૂપાણી પણ સંબોધન કરનાર છે. સાંજે છ વાગ્યે પાર્ટી પ્લોટ ચોપાટી પોરબંદર ખાતે કાર્યક્રમ યોજાનાર છે. કાર્યકરો સાથે બેઠક પણ યોજાનાર છે. રાજનાથસિંહ આવતીકાલે બીએસએફના એક કાર્યક્રમમાં પણ હાજરી આપનાર છે.

## દક્ષિણપશ્ચિમ મોનસુન વધુ સક્રિય બની રહ્યું છે

નવી દિલ્હી,તા. ૧૮

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે દક્ષિણપશ્ચિમ મોનસુન આક્રમકરીતે આગળ વધી રહ્યું છે. ભારતીય હવામાન વિભાગ (આઈએમડી) દ્વારા જણાવવામાં આવ્યું છે કે, આગામી દિવસોમાં તે વધારે સક્રિય બનશે અને દેશના અન્ય ભાગોને આવરી લેશે. પ્રાપ્ત માહિતી મુજબ ૮મી જૂનના દિવસે કેરળમાં દક્ષિણપશ્ચિમ મોનસુન બેસી ગયાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી ચુકી છે. દક્ષિણપશ્ચિમ મોનસુનના લીધે જ કેરળમાં ભારે વરસાદ થયો હતો. કેરળમાં એક સપ્તાહ મોડેથી દક્ષિણપશ્ચિમ મોનસુનની એન્ટ્રી થઈ હતી પરંતુ હવે સારો વરસાદ થઈ રહ્યો છે.

## દેશના ૯૧ મોટા બંધમાં માત્ર ૧૫ ટકા પાણી

### ખરીફ વાવણીને પણ પાણીની તંગીથી માઠી અસર : પીવાના પાણીની પણ ગંભીર કટોકટી સર્જાઈ

નવી દિલ્હી,તા. ૧૮

મોનુસનની ધીમી ગતિએ પ્રગતિ થઈ રહી છે જેથી નવી ચિંતાનુ મોજુ ફરી વળ્યુ છે. કારણ કે દેશના મોટા ૯૧ સરોવરમાં હવે માત્ર ૧૫ ટકા પાણી જ રહી ગયુ છે. એકંદરે પાણીની સપાટી નીચી પહોંચી જતા લોકોની હાલત કફોડી બની રહી છે. આના કારણે પ્રાથમિક ખરીફ વાવણીને જ નુકસાન થઈ રહ્યુ નથી બલ્કે પીવાના પાણીની પણ જટિલ સમસ્યા ઉભી થઈ રહી છે. જાણકાર લોકોનુ કહેવુ છે કે ખરીફ હેઠળ વિસ્તારમાં સમગ્ર દેશમાં એક વખતે વરસાદની શરૂઆત થઈ જશે ત્યારે વધી જશે. આગામી થોડાક સપ્તાહમાં પાણીની કટોકટી ઉભી થઈ શકે છે. વર્તમાન પાણીની કટોકટીના કારણે ડાંગર, કઠોળ, તેલિબિયા અને અન્ય પાક હેઠળ કુલ વિસ્તારમાં નોંધપાત્ર ઘટાડો થઈ ગયો છે.

શુક્રવારના દિવસે જે આંકડા જારી કરવામાં આવ્યા હતા તે મુજબ ખરીફ પાક હેઠળ વાવણી વિસ્તાર ગયા વર્ષે આ જ ગાળામાં જે હતા તેની તુલનામાં ૧૦ ટકા ઘટી ગયા છે. ચાવીરૂપ સરોવરમાં પાણીની સપાટી ૨૬મી મેના આંકડા મુજબ ૨૬.૮૧ અબજ ક્યુબિક મીટરથી ઘટીને હવે ૧૬મી જુન સુધી ૨૩ અબજ ક્યુબિક મીટર થઈ ગઈ છે.

ચાવીરૂપ સરોવરમાં પાણીની સપાટી નીચે પહોંચી જવાના કારણે અન્ય કેટલીક સમસ્યા પણ સર્જાઇ રહી છે. આગામી ચાર અથવા તો પાંચ દિવસમાં જો મોનસુન ગતિ પકડી શકશે નહી તો સ્થિતી વધારે વણસી શકે છે.

દક્ષિણ ભારતમાં સરોવરમાં પાણીની સ્થિતી સૌથી ખરાબ હાલતમાં છે. દક્ષિણ ભારતમાં ૩૧ સરોવરમાં પણીની ઉપલબ્ધતા ખુબ ઓછી થઈ ગઈ છે. આની તુલનામાં ઉત્તર ભારતમાં પરિસ્થિતી વધારે સારી દેખાઈ રહી છે.



તડામાર તૈયારીઓ - મંગળવારે ઉજવાનાર વિશ્વ યોગ દિવસ માટે રાજ્યભરમાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે... અમદાવાદ જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ ખાતે રાજ્યકક્ષાની ઉજવણી યોજાશે... મુખ્યમંત્રીના નેતૃત્વમાં યોજનાર યોગ દિવસની ઉજવણી માટે રાત-દિવસ તૈયારીઓ ચાલી રહી છે..

## ગુજરાતમાં ચૂંટણી લડવા આપ તૈયાર

### કેજરીવાલ જુલાઈમાં પ્રચારનું રણશિંગુ ફુંકશે : દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલ ૮-૯મી જુલાઈના દિવસે ગુજરાતની યાત્રાએ

નવી દિલ્હી,તા. ૧૮

આમ આદમી પાર્ટી ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી લડવા માટેની તૈયારીમાં છે. ગુજરાતમાં તેના નેટવર્કને ફેલાવી દેવાના પ્રયાસ આમ આદમી પાર્ટી દ્વારા છેલ્લા કેટલાક સમયથી કરવામાં આવી રહ્યા છે. દિલ્હીના મુખ્યપ્રધાન અને આમ આદમી પાર્ટીના નેતા અરવિન્દ કેજરીવાલ ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી માટે રણશિંગુ ફુંકવા માટે કમર કસી ચુક્યા છે. પ્રાપ્ત અહેવાલ મુજબ કેજરીવાલ ગુજરાતની બે દિવસની જુલાઈમાં તેમની યાત્રા દરમિયાન પ્રચાર માટેનુ રણશિંગુ ફુંકે તેવી શક્યતા છે. કેજરીવાલ આઠ અને નવમી જુલાઈના દિવસે બે દિવસ ગુજરાતની યાત્રાએ આવી રહ્યા છે. ગુજરાતમાં વિધાનસભાની ૧૮૨ બેઠકો રહેલી છે. કેજરીવાલ તેમની બે દિવસની યાત્રા દરમિયાન સૌરાષ્ટ્ર સ્થિત સોમનાથ મંદિરમાં જઈને પુજ કરે તેવી શક્યતા છે. બે દિવસની યાત્રા દરમિયાન કેજરીવાલ પાર્ટીના નેતાઓ અને કાર્યકરો સાથે વાતચીત કરશે. તેમની સાથ યાત્રા દરમિયાન આમ આદમી પાર્ટીના કન્વીનર કનુભાઈ કંસારિયા તેમની સાથે રહેશે. ગુજરાત ચૂંટણીને ધ્યાનમાં લઈને આમ આદમી પાર્ટી દ્વારા દિલ્હીના ધારાસભ્ય ગુલાબસિંહને ગુજરાત મામલાના પ્રભારી તરીકે બનાવ્યા છે. બીજી બાજુ આમ આદમી પાર્ટી દ્વારા પહેલાથી જ તેના નેટવર્કને ફેલાવી દેવા માટેની તૈયારી હાથ ધરી છે. ગુજરાતમાં પાટીદાર સમુદાય માટે અનામતની માંગણીને લઈને પાટીદાર લીડરો દ્વારા આંદોલન છેડી દીધા બાદ પાટીદાર સમુદાયના લોકો ગુજરાત ભાજપ સરકારથી ભારે નાખુશ છે. આવી સ્થિતીમાં આમ આદમી પાર્ટીને ગુજરાતમાં ભાજપના ગઢમાં અતિક્રમણ કરવાની તક રહેલી છે. કેજરીવાલ પરિસ્થિતીનો લાભ લઈ શકે છે. આવી સ્થિતીમાં ભાજપના કાર્યકરો પણ ભારે મહેનત નીચલા સ્તર પર કરી રહ્યા છે.

## સૌરાષ્ટ્રમાં ક્વોટા આંદોલન શરૂ કરવા પાટીદાર સુસજ્જ

અમદાવાદ,તા. ૧૮

પાટીદાર સમુદાયના લોકો ફરી એકવાર ક્વોટા આંદોલનને શરૂ કરવાની યોજના તૈયાર કરી ચુક્યા છે. સૌરાષ્ટ્રમાં પાટીદાર આંદોલન શરૂ કરવાની તૈયારી કરવામાં આવી છે જેના ભાગરુપે ત્રીજી જુલાઈથી જુદા જુદા કાર્યક્રમો યોજવામાં આવશે. આ કાર્યક્રમોને પાટીદાર સભા, એકતા સભા, કિર્તી દિન, શહીદ દિન, પાટીદાર એકતા રેલી, પરિવર્તન મહાસભા જેવા નામ આપવામાં આવ્યા છે. સૌરાષ્ટ્રભરમાં પાટીદારો ફરી એકવાર ક્વોટા આંદોલનને શરૂ કરવા તૈયારી કરી ચુક્યા છે. પાટીદાર અનામત આંદોલન સમિતિના લીડરોએ શુક્રવારના દિવસે રાજકોટના ગોંડલમાં મહત્વપૂર્ણ બેઠક યોજી હતી જેમાં તમામ પાસાઓ ઉપર ચર્ચા થઈ હતી. આગામી બે મહિના માટે ભાવિ યોજનાઓ તૈયાર કરવામાં આવી હતી. પાટીદાર અનામત આંદોલન સમિતિના સૌરાષ્ટ્ર કન્વીનર લલિત વસોયાનું કહેવું છે કે, પાટીદાર સમુદાયના લોકોને એકત્રિત કરવામાં આવી રહ્યા છે.




















